તા. 18-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 18-10-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શુક્રવાર

આકાશવાણી સમાચાર હેમાંગિની સોનારા વાંચે છે.

---

- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે મલાવીના રાષ્ટ્રપતિ સાથે દ્વિપક્ષીય બેઠક અને પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરશે.
- ✓ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું છે કે, બિનપરંપરાગત યુદ્ધે સંરક્ષણ ક્ષેત્રમાં નવા પડકારો ઊભા કર્યા છે
- ✓ સરકાર અને મેટાએ વધતા જતા ઓનલાઇન કૌભાંડને ડામવા ‘સ્કેમ સે બચો’ ઝૂંબેશ શરૂ કરી
- ✓ ઝારખંડ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે જાહેરનામું પ્રસિદ્ધઃ પ્રથમ વખત ઉમેદવારો માટે ઓનલાઈન નોમિનેશનની સુવિધા
- ✓ બેંગલુરુમાં રમાઇ રહેલી ક્રિકેટ ટેસ્ટનાં ત્રીજા દિવસે ભારત સામે ન્યૂઝીલેન્ડનો મજબૂત સ્કોરઃ

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

તા. 18-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *PREZ MALAWI VISIT*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ત્રણ આફ્રિકન દેશોની મુલાકાતના ભાગરૂપે મલાવીમાં છે. સુશ્રી મુર્મુ આજે મલાવીના રાષ્ટ્રપતિ લાઝારસ ચકવેરા સાથે દ્વિપક્ષીય બેઠક કરશે અને વિવિધ મુદ્દે પ્રતિનિધિમંડળ સ્તરની બેઠકો પણ યોજાશે. રાષ્ટ્રપતિ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક અને સમાધિની પણ મુલાકાત લેશે. આ દરમિયાન રાષ્ટ્રપતિએ ગઈકાલે સાંજે એક સામુદાયિક કાર્યક્રમમાં ભારતીયમૂળના લોકો સાથે વાતચીત કરી હતી. રાષ્ટ્રપતિએ ભારતીય સમુદાયને ભારતના દૃષ્ટિકોણમાં સક્રિય ભાગીદાર બનવા વિનંતી કરી હતી.

તા. 18-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *RAJNATH-DRDO*

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે આજે કહ્યું કે બિનપરંપરાગત યુદ્ધે સંરક્ષણ ક્ષેત્રમાં નવા પડકારો ઊભા કર્યા છે. સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે નવી દિલ્હીમાં ડેર ટુ ડ્રીમ 5.0 ઇનોવેશન સ્પર્ધાના લોન્ચિંગ સમયે આ વાત કહી હતી.

(બાઇટ - રાજનાથ સિંહ )

પરંપરાગત યુદ્ધની બદલાતી ગતિશીલતા અંગે મંત્રીએ જણાવ્યું હતું કે, ટેક્નોલોજીના કારણે શસ્ત્રો અને સાધનોમાં આજે મોટા ફેરફારો જોવા મળી રહ્યા છે. તેમણે સતત સુધારણા અને વિક્ષેપજનક તકનીકો બંને પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરતા સંરક્ષણમાં ખાનગી ક્ષેત્રની વધુ ભાગીદારી માટે હાકલ કરી હતી.

તા. 18-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *SC- CHILD MARRIAGE*

સર્વોચ્ચ અદાલતે આજે જણાવ્યું હતું કે બાળ લગ્ન પ્રતિબંધ કાયદાને અંગત કાયદાઓ દ્વારા અટકાવી શકાય નહીં અને બાળકો સાથે સંકળાયેલા લગ્નો પસંદગીના જીવનસાથી મેળવવાની સ્વતંત્ર ઇચ્છાનું ઉલ્લંઘન કરે છે. ન્યાયમુર્તિ ડી.વાય. ચંદ્રચુડ અને ન્યાયાધીશ જે.બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની બનેલી બેંચે દેશમાં બાળ લગ્નો અટકાવવાના કાયદાના અસરકારક અમલીકરણ માટે માર્ગદર્શિકા પણ જારી કરી હતી. ચુકાદાની ઘોષણા દરમિયાન, ન્યાયમુર્તિએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વ્યક્તિગત કાયદાઓ બાળ લગ્નોને રોકવાના હેતુથી રાષ્ટ્રીય કાયદાના અમલીકરણમાં અવરોધ ન હોવા જોઈએ.

સત્તાવાળાઓએ બાળ લગ્ન અટકાવવા અને સગીરોના રક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, જ્યારે અપરાધીઓને અંતિમ ઉપાય તરીકે સજા કરવી જોઈએ. ખંડપીઠે એમ પણ કહ્યું હતું કે બાળ લગ્ન પર પ્રતિબંધ મૂકતા કાયદામાં કેટલીક ખામીઓ છે. બાળ લગ્ન નિષેધ અધિનિયમ, 2006 બાળ લગ્ન અટકાવવા અને સમાજમાંથી તેમના નાબૂદીની ખાતરી કરવા માટે ઘડવામાં આવ્યો હતો. આ અધિનિયમ 1929 ના બાળ લગ્ન પ્રતિબંધ કાયદાનું સ્થાન લે છે.

તા. 18-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *J&K: MINISTERS PORTFOLIOS*

જમ્મુ કાશ્મીરની કેન્દ્રશાસિત પ્રદેશ સરકારે આજે નવા નિયુક્ત મંત્રીઓને પોર્ટફોલિયોની ફાળવણી કરી છે. અમારા પ્રતિનિધિ જણાવે છે કે, રાજભવન ખાતેથી પ્રસિધ્ધ કરવામાં આવેલી યાદીમાં ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ રાજયનાં વહીવટીતંત્રમાં વિવિધ મંત્રીઓને જવાબદારી સોંપી છે.

નાયબ મુખ્યમંત્રી સુરિન્દરકુમાર ચૌધરીને જાહેર બાંધકામ, ઉદ્યોગ અને વાણિજ્ય વિભાગ તથા સકીના મસુદને આરોગ્ય, શિક્ષણ અને સામાજિક કલ્યાણ વિભાગ ફાળવવામાં આવ્યો છે.  જાવિદ અહમદ રાણાને જળશક્તિ, વન અને પર્યાવરણ, સતિશ શર્માને અન્નન, નાગરિક પુરવઠા વિભાગ સોંપવામાં આવ્યો છે.

તા. 18-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

તા. 18-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# SCAM SE BACHO CAMPAIGN

સરકાર અને મેટાએ વધતા જતા ઓનલાઇન કૌભાંડને ડામવા માટે 'સ્કેમ સે બચો' નામની ઝૂંબેશ શરૂ કરી છે. આજે નવી દિલ્હીમાં આ ઝૂંબેશ શરૂ કરતા માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજુએ આ પહેલને નાગરિકોને ઓનલાઇન છેતરપિંડીથી બચાવવાની દિશામાં સમયસરની અને જરૂરી ગણાવી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, આ ઝૂંબેશ નાગરિકોમાં ડિજિટલ સલામતી અને તકેદારીની આદત કેળવવા સરકારનો અભિગમ સૂચવે છે.

શ્રી જાજુએ જણાવ્યું કે, 90 કરોડથી વધુ ઇન્ટરનેટ વપરાશકારો ધરાવતા ભારતમાં ડિજિટલ ઇન્ડિયા પહેલ હેઠળ અસાધારણ ડિજિટલ વૃધ્ધિ નોંધાઈ છે. જોકે, તેમણે ચેતવણી આપતા જણાવ્યું કે આ નોંધપાત્ર વૃધ્ધિને કારણે સાયબર ગુનાઓ પણ વધ્યા છે. ગયા વર્ષે દેશમાં 11 લાખ સાયબર ગુના નોંધાયા હતા.

આ ઝૂંબેશ ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી, ગૃહ અને માહિતી પ્રસારણ મંત્રાલયોના સહયોગમાં શરૂ કરવામાં આવી છે.

તા. 18-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *MUMBAI POLICE- LOC*

એનસીપીના નેતા બાબા સિદ્દીકીની હત્યાની તપાસ કરી રહેલી મુંબઇ પોલિસે મુખ્ય શુટર શિવકુમાર ગૌતમ સહિતનાં ત્રણ આરોપીઓને દેશ છોડીને ભાગી જતા રોકવા માટે લુક-આઉટ સર્ક્યુલર- LOC જારી કર્યો છે. અન્ય બે આરોપીઓમાં સહ-કાવતરાખોર શુભમ લોણકર અને શંકાસ્પદ હેન્ડલર મોહમ્મદ ઝીશાન અખ્તરનો સમાવેશ થાય છે. આરોપીઓને ઝડપવા માટે મુંબઇની ગુના શાખાની ટૂકડીઓને દેશનાં વિવિધ ભાગોમાં મોકલવામાં આવી છે.

તા. 18-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *DAY JHARKHAND- NOTIFICATION*

ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ચૂંટણી પંચે આજે જાહેરનામું બહાર પાડ્યું. આ તબક્કામાં 13મી નવેમ્બરે 43 બેઠકો પર મતદાન થશે.અમારા સંવાદદાતાના જણાવ્યા મુજબ 25 ઓક્ટોબર ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ છે. 28 ઓક્ટોબરના રોજ ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવશે. ઉમેદવારી પાછી ખેંચવાનો છેલ્લો દિવસ આ મહિનાની 30 તારીખ છે.

ચૂંટણી પંચે પ્રથમ વખત ઉમેદવારો માટે ઓનલાઈન નોમિનેશનની સુવિધા પૂરી પાડી છે. ઝારખંડના મુખ્ય ચૂંટણી અધિકારી કે રવિ કુમારે જણાવ્યું હતું કે ઉમેદવારીપત્રો ઓનલાઇન પોર્ટલ suvidha.eci.gov.in પર ઉપલબ્ધ છે. એકાઉન્ટ બનાવીને ઉમેદવારો પત્ર ભરી શકે છે અને સિક્યોરિટી રકમ જમા કરાવી શકે છે. સોગંદનામું ઓનલાઈન પણ ભરી શકાશે. એકવાર તે ભરાઈ જાય ત્યારબાદ તેની પ્રિન્ટ આઉટ લઈ નોટરાઇઝ કરાવીને તેને રિટર્નિંગ ઓફિસર સમક્ષ રજૂ કરી શકાશે.

તા. 18-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# CRICKET-WOMEN

ન્યૂઝીલેન્ડ સામેની વન-ડે શ્રેણી માટે ભારતની મહિલા કેપ્ટન તરીકે હરમનપ્રિત કૌરને જાળવી રાખવામાં આવ્યા છે. 24મી ઓક્ટોબરે શરૂ થઈ રહેલી શ્રેણી માટે ચાર નવા ખેલાડીઓને સ્થાન આપવામાં આવ્યું છે. ટી-20 મહિલા વિશ્વકપમાં ભારતનાં નબળા દેખાવ બાદ ટીમનાં દેખાવ પર પસંદગીકારોની નજર હતી. જોકે, પસંદગીકારોએ હરમનપ્રીતમાં પોતાના વિશ્વાસ બતાવ્યો છે. અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાનારી આ શ્રેણી આવતા વર્ષે યોજનાર વનડે વિશ્વકપ માટેની તૈયારીની શરૂઆત છે.

તા. 18-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# INDIA NEWZEALAND CRICKET

બેંગલુરુનાં એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રમાઇ રહેલી ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણીની પ્રથમ મેચનાં ત્રીજા દિવસે આજે ન્યૂઝીલેન્ડે રમત આગળ ધપાવી હતી. છેલ્લાં અહેવાલ પ્રમાણે ન્યૂઝીલેન્ડે ભારત સામે 10 વિકેટે 402 રન કર્યા છે. રચીન રવિન્દ્રએ 134 રન કર્યા... ડેવોન કોનવે 91 રને આઉટ થઈ ગયા હતા. આ સાથે ન્યૂઝીલેન્ડ યજમાન ભારત સામે 356 રનની સરસાઈ ધરાવે છે.

અગાઉ, ગઈ કાલે ભારતીય ટીમ પ્રથમ ઇનિંગમાં માત્ર 46 રનમાં ઓલ આઉટ થઈ હતી. ટેસ્ટમાં ઘર આંગણે ભારતનો આ સૌથી ઓછો સ્કોર હતો.

ભારતીય ખેલાડી રવિન્દ્ર જાડેજા અને કુલદીપ યાદવે ત્રણ ત્રણ, મોહમ્મદ સિરાજે બે અને જયપ્રીત બુમરાહ તેમજ રવિચંદ્રન અશ્વિને એક એક વિકેટ લીધી હતી.

તા. 18-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *SINDHU-DENMARK OPEN*

ડેન્માર્ક ઓપન બેડમિન્ટનમાં, બે વારના ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુ આજે બપોર પછી ઇન્ડોનેશિયાના વિશ્વમા આઠમાં ક્રમાંકિત જ્યોર્જિયા મારિસ્કાનો સામનો કરશે. ભારતીય સમય પ્રમાણે બપોરે 4-10 કલાકે મેચ શરૂ થશે.

સિંધુએ ગઈ કાલે 16મા રાઉન્ડમાં ચીનનાં હાન યુને 18-21, 21-12, 21-16 થી હરાવ્યા હતા. સિંધુ આ ટુર્નામેન્ટમાં એક માત્ર ભારતીય સ્પર્ધક બચ્યા છે, બાકીનાં તમામ ભારતીય ખેલાડીઓ સ્પર્ધાના પ્રથમ રાઉન્ડમાં જ હારી ચૂક્યા છે.

છેલ્લે સિંધુ અને જ્યોર્જિયાનો મુકાબલો 2023ની ફ્રેન્ચ ઓપનમાં થયો હતો, જેમાં સિંધુનો વિજય થયો હતો.